Knowledge Consortium of Gujarat
Department of Higher Education - Government of Gujarat
Journal of Social Science - ISSN : 2279-0268

Continuous Issue-34| December – January 2019

# ભાવનગર શહેરની વસ્તી-એક તુલનાત્મક સમાજશાસ્ત્રીય વિશ્લેષણ

- **પ્રસ્તાવના:**

વસ્તી એ એક સામાજિક એકમ છે. અને તેનો આધાર જૈવિક છે.વસ્તી પોતે કોઈ સમસ્યા રૂપ નથી પણ તેનું વધારે કે ઓછુ પ્રમાણ એ સમાજમાં સમસ્યા જન્માવે છે.અને તેનો અભ્યાસ વસ્તીશાસ્ત્ર અને સમાજશાસ્ત્ર એ કરવો જોઈએ.વિશ્વમાં કોઈ પણ સમાજ રાષ્ટ્ર કે રાજ્યનો વિકાસ એ તેની વસ્તી પર આધારિત હોય છે.સાક્ષરતા,વ્યવસાય,સ્ત્રી-પુરુષપ્રમાણ,વય બંધારણ,શહેરીકરણ,સ્થળાંતર વગેરે પરિબળો વસ્તી ઉપર અસર કરતા હોય છે.

વર્તમાન સમયે વિશ્વની સમક્ષ મુખ્ય ત્રણ ગંભીર પડકારો છે.તે પૈકી વસ્તી વિસ્ફોટ એ સૌથી ગંભીર પ્રશ્ન છે.વસ્તી વિસ્ફોટ એ માત્ર ધાર્મિક કે સામાજિક બાબતોને સ્પર્શતો પ્રશ્ન નથી.પરંતુ તે સમાજનાં દરેક પાસાઓને સ્પર્શે છે.આથી વસ્તી વિષયક બાબતોનો અભ્યાસ કરવો જરૂરત જ નહિ પરંતુ આવશ્યક બની જાય છે.

- **વસ્તીનો અર્થ-વ્યાખ્યા:**

"વસ્તી નો સામાન્ય અર્થ આપતા એમ કહી શકાય કે વ્યક્તિઓની સંખ્યા અર્થાત જન સંખ્યાને વસ્તી કહેવાય.બીજા શબ્દોમાં કહીએ તો અમુક ગામ,પ્રદેશ કે દેશમાં વસવાટ કરતા લોકો ની સંખ્યાને વસ્તી કહેવાય."

કૌટિલ્ય અર્થશાસ્ત્રનાં મતે;

"વસ્તી ને રાજકીય આર્થિક અને લશ્કરી તાકાતનો સ્રોત તથા જમીન,ખાણનાં પુરક બળ તરીકે ગણી શકાય."

**ટાલ્કોટ પાર્સન્સના મતે ;**

"કોઈ પણ સામાજિક વ્યવસ્થા એ ચાલુ રહેવું હોય તો તેણે તેની સામાજિક કાર્યાત્મક આવશ્યકતા ની જરૂરીયાતને સંતોષવી જોઈએ.સમાજની મૂળભૂત જરૂરીયાત એટલે તેની સભ્ય સંખ્યા એટલેકે વસ્તી."

- **વસ્તી અભ્યાસની ઉપયોગીતા :**

કોઈ પણ સમાજ વસ્તી વિનાનો હોય શકે નહિ. આથી વસ્તી અને સમાજ બંને પરસ્પરાવલંબી છે.વિશ્વના બધા દેશો કે એ દેશોના શહેરોમાં વસ્તીના પ્રમાણ કે કદમાં સમાનતા હોતી નથી.એટલે વસ્તીનું નાનું કે મોટું કદ કોઈ પણ દેશ કે શહેરોમાં સમસ્યારૂપ બનતું હોય છે. આજે વિશ્વમાં અનેકવિધ સમસ્યાઓનો સામનો કરી રહ્યું છે. આ અનેકવિધ સમસ્યાઓમાં સૌથી મોટી સમસ્યા વસ્તીવૃધ્ધીની છે.આથી વસ્તી વિષયક અભ્યાસો કરવાની જરૂરિયાત ખુબ જ વધી જાય છે.વસ્તી અભ્યાસો વિકાસ માટેના આયોજનમા, શિક્ષણમાં, ભાવિકથન કરવામાં, સંશોધન ક્ષેત્રે તથા સામાજિક –આર્થિક વિકાસના અવરોધોને દૂર કરવામાં ઉપયોગી બંને છે,

ભાવનગર શહેરની વસ્તી – ઈ.સ. ૨૦૧૧

| ક્રમ | વોર્ડનું નામ | કુલ વસ્તી |
|---|---|---|
| ૧ | વડવા –બ | ૨૪૬૭૦ |
| ૨ | કણબીવાડ | ૧૯૧૫૮ |
| ૩ | કરચલીયાપરા | ૨૩૨૫૭ |
| ૪ | કૃષ્ણનગરઉત્તર | ૩૨૧૩૪ |
| 5 | કૃષ્ણનગરદક્ષિણ | ૧૭૯૦૨ |
| ૬ | તખ્તેશ્વર–નવાપરા | ૨૪૩૧૫ |
| ૭ | પીરછલ્લા | ૨૦૧૧૯ |
| ૮ | વડવા –અ | ૨૦૩૧૦ |
| ૯ | કુંભારવાડા | ૨૮૫૦૬ |
| ૧૦ | ચિત્રા –કુલસર | ૪૬૮૫૭ |
| ૧૧ | પાનવાડી | ૩૦૪૭૬ |
| ૧૨ | વડવા-ક | ૨૬૫૫૩ |
| ૧૩ | ઘોઘાસર્કલ | ૩૦૩૯૫ |
| ૧૪ | સરદારનગરઉત્તર | ૪૫૧૦૫ |
| ૧૫ | સરદારનગરદક્ષિણ | ૪૦૬૬૬ |
| ૧૬ | કાળીયાબીડ | ૩૯૧૮૫ |
| ૧૭ | બોરતળાવ | ૪૧૪૭૭ |
|  | BMC | ૫,૧૧,૦૮૫ |
| ૧૮ | રૂવા (પાર્ટ ) | ૩૮૯૬ |
| ૧૯ | તરસમીયા (પાર્ટ ) | ૨૭૨૭ |
|  | કુલ | ૫,૧૭,૭૦૮ |

ભાવનગર શહેરની વસ્તી – ઈ.સ. ૨૦૧૧

| વોર્ડ નંબર | વોર્ડનું નામ | કુલ વસ્તી | પુરુષો | સ્ત્રીઓ | અન્ય |
|---|---|---|---|---|---|
| ૧ | વડવા –બ | ૨૯૫૭૮ | ૧૫૩૪૨ | ૧૪૨૩૬ | ૨ |
| ૨ | કણબીવાડ | ૨૪૪૯૨ | ૧૨૬૫૧ | ૧૧૮૪૧ | ૦ |
| ૩ | કરચલીયાપરા | ૩૪૭૯૦ | ૧૭૬૮૭ | ૧૭૦૯૬ | ૭ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૪ | કૃષ્ણનગરઉત્તર | ૩૩૨૯૬ | ૧૭૧૮૧ | ૧૬૧૧૫ | ૦ |
| 5 | કૃષ્ણનગરદક્ષિણ | ૩૧૯૦૩ | ૧૬૦૯૫ | ૧૫૮૦૮ | ૦ |
| ૬ | તખ્તેશ્વર-નવાપરા | ૩૦૪૧૨ | ૧૫૫૪૭ | ૧૪૮૬૫ | ૦ |
| ૭ | પીરછલ્લા | ૨૨૯૬૮ | ૧૧૮૦૨ | ૧૧૧૬૫ | ૧ |
| ૮ | વડવા -અ | ૨૮૧૨૭ | ૧૪૫૩૦ | ૧૩૫૮૮ | ૯ |
| ૯ | કુંભારવાડા | ૩૪૦૪૮ | ૧૭૯૫૦ | ૧૬૦૯૮ | ૦ |
| ૧૦ | ચિત્રા -કુલસર | ૫૨૧૬૭ | ૨૭૫૭૪ | ૨૪૫૯૩ | ૦ |
| ૧૧ | પાનવાડી | ૩૨૬૫૧ | ૧૭૧૮૭ | ૧૫૪૬૪ | ૦ |
| ૧૨ | વડવા-ક | ૩૩૭૮૦ | ૧૭૭૯૬ | ૧૫૯૮૪ | ૦ |
| ૧૩ | ઘોઘાસર્કલ | ૪૪૯૩૫ | ૨૩૪૨૮ | ૨૧૫૦૭ | ૦ |
| ૧૪ | સરદારનગરઉત્તર | ૩૭૪૬૭ | ૧૯૬૬૫ | ૧૭૮૦૨ | ૦ |
| ૧૫ | સરદારનગરદક્ષિણ | ૩૬૮૫૯ | ૧૯૩૩૫ | ૧૭૫૨૩ | ૧ |
| ૧૬ | કાળીયાબીડ | ૪૩૯૬૨ | ૨૩૦૨૯ | ૨૦૯૩૩ | ૦ |
| ૧૭ | બોરતળાવ | ૪૨૩૩૩ | ૨૨૬૨૮ | ૧૯૭૦૫ | ૦ |
| | TOTAL BMC | ૫૯૩૭૬૮ | ૩૦૯૪૨૭ | ૨૮૪૩૨૧ | ૨૦ |
| ૧૮ | રૂવા(પાર્ટ ટાઇમ) | ૫૮૩૩ | ૨૯૯૮ | ૨૮૩૫ | ૦ |
| ૧૯ | તરસમીયા(પાર્ટ ટાઇમ) | ૬૬૮૧ | ૩૫૩૩ | ૩૧૪૮ | ૦ |
| | કુલ | ૬૦૬૨૮૨ | ૩૧૫૯૫૮ | ૨૯૦૩૦૪ | ૨૦ |

❖ **ભાવનગર શહેરની વસ્તીનું તુલનાત્મક સમાજશાસ્ત્રીય વિશ્લેષણ**

ઉપરોક્ત વસ્તી ગણનાની આંકડાકીય માહિતીના આધારે બન્ને દાયકાઓની વસ્તીની તુલના કરતા જણાવી શકાય કે ભાવનગર શહેરી વસ્તીમાં વધારો થયેલ છે.જેમાં વોર્ડ પ્રમાણેની વસ્તીનું વિશ્લેષણ કરતા કહી શકાય કે વર્ષ ૨૦૦૧ અને ૨૦૧૧ એમ બન્ને દાયકામાં કુલ મુખ્ય ૧૭ વોર્ડ અને ૨ પાર્ટ ટાઇમ વોર્ડ હતા.

વર્ષ ૨૦૦૧ માં વોર્ડ નંબર ૧૦ ચિત્રા-કુલસરમાં (૪૬૮૬૭)સૌથી વધુ વસ્તી હતી. જયારે વર્ષ ૨૦૧૧ માં પણ એ જ વોર્ડ નંબર ૧૦ માં જ સૌથી વધુ (૫૨૧૬૭) વસ્તી જોવા મળે છે.આ વોર્ડમાં સૌથી વધુ વસ્તી જળવાઈ રહેવાનું કારણ સિટીનો શાંત એરિયા તેમજ જી.આઈ.ડી.સી. સરકારી વસાહત તથા માર્કેટિંગ યાર્ડ આવેલા હોવાથી વધુ વસ્તી જોવા મળે છે.

બીજા ક્રમે સૌથી વધુ વસ્તી ધરાવતો વોર્ડ, વર્ષ ૨૦૦૧ પ્રમાણે વોર્ડ નંબર ૧૪ સરદાર નગર ઉત્તરનો છે. જેમાં કુલ ૪૫૧૦૫ ની વસ્તી હતી, જયારે વર્ષ ૨૦૧૧ મુજબ બીજા ક્રમે વસ્તી ધરાવતો વોર્ડ નંબર ૧૩ ઘોઘા સર્કલનો સમાવેશ થાય છે જેમાં કુલ ૪૪૯૩૫ ની વસ્તી હતી. આ બંને દાયકાની તુલના કરતા બીજા ક્રમે સૌથી વધુ વસ્તી ધરાવતા વોર્ડમાં બદલાવ આવ્યો છે. સરદારનગર ઉત્તરની બરાબર ઉત્તર દિશાએ વોર્ડ નંબર ૧૩

ઘોઘા સર્કલ આવેલ છે જેમાં સૌથી વધુ વસ્તી હોવાનું કારણ આવન જાવન માટે પરિવહનની સરળતા તેમજ શહેરનો કેન્દ્રિય વિસ્તાર હોવાનું કહી શકાય.

ત્રીજા ક્રમે સૌથી વધુ વસ્તી ધરાવતો વોર્ડ વર્ષ ૨૦૦૧ મુજબ વોર્ડ નંબર-૧૭ બોર તળાવ હતો.જેમાં કુલ ૪૧૪૭૭ ની વસ્તી હતી.જ્યારે વર્ષ ૨૦૧૧ મુજબ વોર્ડ નંબર-૧૬ કાળીયાબીડમાં સૌથી વધુ વસ્તી જોવા મળે છે.જેમાં કુલ ૪૩૯૬૨ ની વસ્તી જોવા મળે છે.ગત દાયકામાં ત્રીજાક્રમે સૌથી વધુ વસ્તી ધરાવતા વોર્ડમાં ફેરફાર થયેલ છે.વોર્ડ નંબર-૧૬ કાળીયાબીડમાં વધારે વસ્તી હોવાનું કારણ નવા ગ્રામીણ પરિવેશ તથા ઇન્વેસ્ટમેન્ટ અને શૈક્ષણિક સંકુલનાં નવા નિર્માણના કારણે અહી વસ્તી વધી હોવાનું કહી શકાય.

વર્ષ ૨૦૦૧ અને વર્ષ ૨૦૧૧ ની વસ્તીલક્ષી આંકડાકીય માહિતીને આધારે સમગ્રલક્ષી મૂલ્યાંકન કરતા જણાવી શકાય કે ભાવનગર શહેરની વસ્તીમાં વધારો થયેલ છે.જેમાં વર્ષ ૨૦૦૧ માં ૫,૧૭,૭૦૮ ની વસ્તી હતી.જ્યારે વર્ષ ૨૦૧૧ માં કુલ શહેરી વસ્તી ૬,૦૬,૨૮૨ હતી.એટલે કે શહેરી વસ્તીમાં નોંધ પાત્ર વધારો થયેલ છે.ટૂંકમાં એક દસકામાં ભાવનગર શહેરમાં ૮૮,૫૭૪ જેટલી વસ્તીનો ઉમેરો જોવા મળેલ છે.વધુમાં વર્ષ ૨૦૧૧ ની વસ્તીમાં ૨૦ ટ્રાન્સજેન્ડર અથવા કિન્નરની વસ્તી જોવા મળેલ.વર્ષ ૨૦૦૧ની વસ્તી ગણતરીમાં તેઓનો ઉલ્લેખ જોવા મળતો નથી.

**ભાવનગર શહેરમાં સાક્ષરતા -૨૦૦૧**

| વર્ષ | સાક્ષરતા દર |
|---|---|
| કુલ સાક્ષરતા | ૮૧.૨૨ |
| પુરુષો | ૮૮.૪૫ |
| સ્ત્રીઓ | ૭૩.૪૪ |

**ભાવનગર શહેર સાક્ષરતા-૨૦૧૧**

| વર્ષ | સાક્ષરતા દર |
|---|---|
| કુલ શિક્ષિત લોકો | ૮૫.૬૨ |
| પુરુષો | ૯૧.૩૬ |
| સ્ત્રીઓ | ૭૯.૪૪ |

- **ભાવનગર શહેરમાં સાક્ષરતાનું તુલનાત્મક વિશ્લેષણ :**

ઈ.સ.૨૦૦૧ અને ૨૦૧૧ની ઉપરોક્ત આંકડાકીય વિગત તપાસતા જણાય છે કે ભાવનગર શહેરમાં કુલ સાક્ષરતા દરમાં વધારો થયેલો જણાય છે. ઉપરોક્ત બંને દાયકાઓની તુલના કરતા જણાય છે કે ગત દાયકામાં ભાવનગર શહેરમાં ૪.૪૨ %સાક્ષરતા દર વધેલો જણાય છે .જેમાં પુરુષ સાક્ષરતા દરની બંને દાયકામાં તુલના કરતા જણાય છે કે પુરુષ સાક્ષરતા દરમાં ૩.૯ % નો વધારો થયેલો જણાય છે. જયારે સ્ત્રી સાક્ષરતા દરમાં નોધપાત્ર રીતે વધારો થયેલો જણાય છે.એટલે કે બન્ને દાયકાની તુલના કરતા સ્ત્રી સાક્ષરતા દરમાં ૬% નો વધારો જણાયેલ છે.ટૂંકમાં ,ભાવનગર શહેરમાં કુલ સાક્ષરતા દર અને પુરુષ સાક્ષરતા દર કરતા પણ વધારે સ્ત્રીઓનો સાક્ષરતા દર જણાઈ આવે છે.

## સંદર્ભગ્રંથ


I. એ.જી.શાહ & જે.કે.દવે(૨૦૦૯-૨૦૧૦)સામાજિક વસ્તીશાસ્ત્ર અને ભારતમાં કુટુંબ નિયોજન-(ત્રીજી આવૃત્તિ)અમદાવાદ,અનડા પ્રકાશન.

II. CENSUS OF INDIA-2001

III. CENSUS OF INDIA-2011


*******************************************************************************************


**શ્રી એલ. એન.બાંભણિયા**

સમાજશાસ્ત્ર વિભાગ

સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ

ઘોઘા


Copyright © 2012 – 2019 KCG. All Rights Reserved. | Powered By: Knowledge Consortium of Gujarat